કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના જિલ્લા/મહાનગરપાલિકાની ઘટક કચેરીઓ ખાતે કુલ ૪૨૬ પટાવાળાની સેવા આઉટસોર્સથી મેળવવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ફાઈલ નં: WCDD/CIE/e-file/23/2026/0288/B1

સચિવાલય, ગાંધીનગર.

તા. ઈ-સાઈન મુજબ.

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક WCDD/NIE/e-file/ 23/ 2025/ 0072/ B1 તારીખ:૨૩/૦૪/૨૦૨૫

(૨) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના પત્ર ક્રમાંક નં.આઇ.સી.ડી.એસ./ મકમ-પ/૪૨૬ પટાવાળા/વર્ષ.૨૦૨૬.૨૭, તા.૨૫/૦૨/૨૦૨૬

**આમુખ:**

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના, આઇસીડીએસ હેઠળના જિલ્લાના ઘટક સેલમાં આઈ.સી.ડી.એસ. ની જુદી જુદી વહીવટી યોજનાકીય કામગીરી અંતર્ગત જિલ્લા/કોર્પોરેશનના ઘટકની કચેરીઓમાં સ્વચ્છતા જાળવણી તથા તે અંતર્ગત કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા માટે પટાવાળાની આવશ્યકતા ધ્યાને લઇ વંચાણે લીધા(૧) થી વર્ષ ૨૦૨૫-૨૬ માં નવી સેવા અંતર્ગત તમામ ૪૨૬ ઘટકમાં પટ્ટાવાળાની આઉટસોર્સથી સેવા મેળવવાની વહીવટી મંજુરી આપવામા આવી હતી. વંચાણે લીધા (૨) થી સમયમર્યાદા તા.૨૩/૩/૨૬ ના રોજ મુદત પુર્ણ થયાથી વધુ-૧૧ માસ માટે આઉટસોર્સથી સેવા મેળવવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના જિલ્લા/મહાનગરપાલિકાની ઘટક કચેરીઓ ખાતે ૪૨૬ પટાવાળાની સેવાઓ લઘુત્તમ વેતનથી નીચે મુજબની શરતોને આધિન મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે એટલે કે તા.૨૪/૦૩/૨૦૨૬ થી તા.૨૩/૦૧/૨૦૨૭ સુધી આઉટસોર્સથી મેળવવા મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

૧. ખાતાના વડાની કચેરીએ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૨. ભવિષ્યમાં આ જગ્યાઓ પર આઉટસોર્સથી સેવાઓ મેળવવાની જરૂર જણાય તો વહિવટી વિલંબ નિવારી શકાય તે હેતુથી મુદત પુર્ણ થયાના ૦૨ માસ અગાઉ દરખાસ્ત અચૂક કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૧/૦૩/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.પ્રજાપતિ)

સેકશન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર

નકલ રવાના:

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૨. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૩. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૪. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૬. કમિશ્નર-વ-સચિવ શ્રીના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. સચિવશ્રી, (આયોજન) ના અંગત મદદનીશશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૯. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

૧૦. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.

૧૧. સર્વે નાયબ નિયામક વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.

૧૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ.

૧૩. નાણા સલાહકારશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૪. સર્વે પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિ....

૧૫. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.03.13 15:22:27 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign